વાહ 25,00,000,0000000 ના MOU વિક્રમી

વાયબ્રન્ટ સમિટમાં ૨૫ લાખ કરોડના રોકાણ માટે ૨૧૦૦૦ સમજૂતિના કરારો નોંધાયા જે રાજયના ઈતિહાસમાં વિક્રમી છે

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૦૧ | ૧૩ જાન્યુઆરી, ૨૦૧૫, મંગળવાર ; પોષ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

જો તમે સફળતા ઇચ્છતા હોવ તો ધીરજને પરમ મિત્ર, અનુભવને બુદ્ધિમાન સલાહકાર, સાવધાનીને મોટો ભાઇ, અને આશાને તમારો સંરક્ષક બનાવી દો
- ઝેન કથન

ગુજરાતમાં ૨૫ લાખ કરોડનું મૂડીરોકાણ થશે

સાતમી વાયબ્રન્ટ સમિટમાં ૨૧૦૦૦ એમઓયુ થયા : ૧૦૦ દેશોએ ભાગ લીધો અને ૨૫ હજાર ડેલિગેટ્સ ઉપસ્થિત રહ્યા

ગાંધીનગર, તા.૧૨

ગુજરાતની સાતમી વાયબ્રન્ટ ગ્લોબલ સમિટના બીજા દિવસે રાજય સરકારે ૨૧૦૦૦ એમઓયુ સાઈન કર્યા છે જેનું કુલ મૂડીરોકાણ ૨૫ લાખ કરોડ રૂપિયા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ સમિટમાં ૧૨૨૫ સ્ટેટેજીક પાર્ટનરશીપ એગ્રીમેન્ટ થયા છે. સમિટમાં કુલ ૧૧૦ દેશોમાંથી ૨૫૦૦૦ ડેલિગેટ્સ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત વાયબ્રન્ટ સમિટના સમાપન પ્રસંગે રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આ જાહેરાત કરતાં જણાવ્યું હતું કે ગુજરાતની સાતમી વાયબ્રન્ટ સમિટે ગુજરાતને નવી ઉંચાઇ આપી છે. આ પહેલી સમિટ એવી હતી કે જેમાં ભારતના વડાપ્રધાન હાજર રહ્યા હતા.

આનંદીબેન પટેલે કહ્યું હતું કે વાયબ્રન્ટ સમિટમાં થયેલા એમઓયુના ફોલોઅપ અને મંજૂરીઓ માટે ચીફ મિનિસ્ટરના અધ્યક્ષપદે એક સમિતિ બનાવવામાં આવી છે જે દર ત્રણ મહિને મોનિટરીંગ કરશે.

ભારતના ગૃહમંત્રી રાજનાથસિંહની ઉપસ્થિતિમાં બીજા દિવસના અંતે ચીફ મિનિસ્ટરે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ખાસ આભાર માન્યો હતો અને જણાવ્યું હતું કે તેમના વિઝન વિના વાયબ્રન્ટ સમિટ શક્ય ન હતું. તેમણે પહેલી સમિટ ૨૦૦૩માં કરી હતી. મોદીએ રાજયમાં કુલ છ સમિટનું સફળતા પૂર્વક આયોજન કર્યું છે, રાજયની સાતમી સમિટનું યજમાનપદ મને મળ્યું છે તેનો આનંદ છે.

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે કહ્યું હતું કે ગુજરાત એ માત્ર લેન્ડ ઓફ ઓપર્ચ્યુનિટી જ નથી, મધર ઓફ ઓપર્ચ્યુનિટીઝ છે. હિન્દીમાં પ્રવચન કરતા તેમણે એવો નિર્દેશ આપ્યો હતો કે વાયબ્રન્ટ

● અનુસંધાન પાન-૭ પર

નાણાંકીય ક્ષેત્રે ૧૨ એમઓયુ

ગાંધીનગર, તા.૧૨

વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૧૫ અંતર્ગત આજે બીજા દિવસે ભારત એક વૈશ્વિક નાણાકીય કેન્દ્ર

વિષયક સેમિનારમાં અતિથિ વિશેષ પદેથી કેન્દ્રીય નાણા મંત્રી શ્રી અરૂણ જેટલીએ જણાવ્યું હતું કે, દેશનો આર્થિક વિકાસ ખૂબ ઝડપથી થાય તે માટે ભારત સરકારે ઘણી યોજનાઓ અમલી બનાવી છે અને વર્તમાન સરકાર દ્વારા ઝડપી નિર્ણયો લઈ તાત્કાલિક અમલ થાય તેવા પગલા ભરવામાં આવ્યા છે. જેના કારણે વિશ્વભરના દેશો આજે રોકાણ માટે ભારત તરફ આકર્ષાયા છે. તેમણે વાયબ્રન્ટ સમિટના માધ્યમ દ્વારા ગુજરાતે શરૂ કરેલી આ યાત્રાને સફળતમ ગણાવી હતી.

રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની ખાસ ઉપસ્થિતિમાં વધુમાં બોલતાં શ્રી જેટલીએ ઉમેર્યું હતું કે, સમગ્ર ભારતમાં ૧૦૦ સ્માર્ટ સીટીનું નિર્માણ થશે. જેમાં ચંડીગઢ ભારતનું પ્રથમ સ્માર્ટ સીટી છે અને ગાંધીનગર પણ તેમાનું એક છે. હાલમાં ન્યુ રાયપુર તથા ગ્રેટર નોયડા માટે કામગીરી ચાલુ છે. જે વિશ્વ સમક્ષ સમગ્ર દેશની આગવી ઓળખ પૂરી કરશે.

આજે ગુજરાત વાયબ્રન્ટ સમિટ-૨૦૧૫ના બીજા દિવસે આ સેમિનારમાં મુખ્ય ૧૨ એમ.ઓ.યુ. થયા હતા. જેમાં માર્સ્ટર કાર્ડ એશિયા પેસીફીક, આઇ.સી.આઇ.સી.આઇ. બેંક, બોમ્બે સ્ટોક એક્સચેન્જ, ડૉ. કે. આર. શાહ, ડી. કે. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ ખેડા, શ્રી પદમાવતી ઓનલાઇન સર્વિસ પ્રા. લિ., અમદાવાદ, પૂ. ભાઇ શ્રી રમેશભાઇ ઓઝા શૈક્ષણિક સંસ્થા, અમદાવાદ, પી. પી. સાવાણી, નોલેજ સીટી, માણસી સુરત, નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા, મુંબઇ, રાઇ ફાઉન્ડેશન મથુરા રોડ, દિલ્હી, પારૂલ ગૃપ ઓફ ઇન્સ્ટીટ્યુટ, વડોદરા, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, નેશનલ બેંક ઓફ એગ્રીકલ્ચરલ (નાબાર્ડ) સાથે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા.

કયા જિલ્લામાં નાના મધ્યમ ઉદ્યોગ ક્ષેત્રે કેટલા કરારો થયા

જિલ્લાનું નામ	રોકાણની રકમ
અમદાવાદ	૧૧૦૮
ભરૂચ	૧૪૧૨
કચ્છ	૨૯૪
બરોડા	૧૨૮૩
જામનગર	૮૧૮
સુરત	૭૪૬
વલસાડ	૬૫૯
રાજકોટ	૬૨૮
ગાંધીનગર	૫૯૫
સુરેન્દ્રનગર	૫૦૧
મહેસાણા	૩૬૯
ભાવનગર	૩૫૩
જુનાગઢ	૩૪૨
આણંદ	૨૪૪
પંચમહાલ	૨૧૬
સાબરકાંઠા	૧૯૮
બનાસકાંઠા	૧૬૬
અમરેલી	૧૦૨
પાટણ	૯૮
પોરબંદર	૯૦
ખેડા	૬૯
નવસારી	૬૬
દાહોદ	૩૩
નર્મદા	૧૯
તાપી	૧
ડાંગ	૧

રાજયમાં નાના અને મધ્યમ ઉદ્યોગ ક્ષેત્રે ૧૦૪૧૧ સમજુતી કરારો થયા

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત રાજયમાં આજે નાના અને મધ્યમ ઉદ્યોગ ક્ષેત્રમાં અંદાજે ૧૦૪૧૧ કરારો કરવામાં આવતા આ ક્ષેત્રે અંદાજે ૩૭૫૬૩ કરોડનું મૂડી રોકાણ થવા પામ્યું છે.

૩૫ હજાર કરોડનું મૂડીરોકાણ

ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે ગઈકાલથી શરૂ થયેલા વાઈબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમીટમાં આજે બીજા દિવસે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા નાના અને મધ્યમ ઉદ્યોગ ક્ષેત્રે મૂડી રોકાણ માટે રહેલી વિપુલ તકો અંગે યોજાયેલા સેમીનારમાં આજે નાના અને મધ્યમ ઉદ્યોગકારો દ્વારા જુદા જુદા જિલ્લાઓમાં વિવિધ ક્ષેત્રોમાં નાના મધ્યમ ઉદ્યોગો સ્થાપવા માટે સરકાર સાથે અંદાજે ૧૦૪૧૧ સમજુતી કરારો કરવામાં આવ્યા હતાં.

નાના અને મધ્યમ ઉદ્યોગોમાં સૌથી વધુ સમજુતી કરારો ૧૪૧૨ જેટલા ભરૂચ જિલ્લામાં થવા પામ્યા છે જયારે બરોડા જિલ્લામાં ૧૨૮૩ સમજુતી કરારો થવા પામ્યા છે.

હેલ્થ ફોર ઓલ સેમિનારમાં ૧૧ એમઓયુ

ગાંધીનગર, તા.૧૨

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની ઉપસ્થિતિમાં

આ અવસરે હેલ્થ કેર ક્ષેત્રના ૬ અને ફાર્માસ્યુટીકલ ક્ષેત્રના ૫ મળીને કુલ ૧૧ મેમોરેન્ડમ ઓફ અન્ડર સ્ટેન્ડીગ પર સહી સિક્કા કરાયા હતા.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૫ અંતર્ગત બીજા દિવસે હેલ્થ ફોર ઓલ લિવરેજીંગ ટેકનોલોજી ઈનવોશેન્સ એન્ડ ઈનેબ્લર્સ વિષય ઉપર યોજાયેલા બિઝનેશ સેમિનારમાં મહાનુભાવો અને તજજ્ઞોએ હેલ્થ કેર ક્ષેત્રે શ્રેષ્ઠ તકો રહેલી હોવાનો સૂર વ્યક્ત કર્યો હતો.

ભારત સરકારના આરોગ્ય મંત્રી શ્રી જે. પી. નડ્ડાએ આરોગ્ય ક્ષેત્રે ગુજરાત મોડેલને સમગ્ર દેશ અનુસરી રહ્યો હોવાનો આનંદ વ્યક્ત કરી છેવાડાના માણસ સુધી શ્રેષ્ઠ આરોગ્ય સેવા પહોંચાડવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. તેઓએ ૨૦૧૫ના વર્ષમાં નવી આરોગ્ય નીતિ ઘડાઇ રહી હોવાનું કહી એ માટે ૨૮ ફેબ્રુઆરી સુધીમાં સુચનો મોકલી આપવા ઉપસ્થિતિને અનુરોધ કર્યો હતો.

શ્રી નડ્ડાએ તાજેતરમાં લોન્ચ કરાયેલા ઈન્દ્રધનુષ કાર્યક્રમની વિગતો આપી ઉમેર્યું હતું કે, પ્રથમ પગલા રૂપે તેના અંતર્ગત ૭ ઈમ્યુનાઈઝેશન કાર્યક્રમ અમલી બનાવીશું.

આરોગ્ય ક્ષેત્રની અને વ્યાપારી ક્ષેત્રની જરૂરિયાતો વચ્ચે સંતુલન જરુરી હોવાનું કહી તેઓએ આરોગ્ય ક્ષેત્રે આઇ.ટી. ટેકનોલોજીના ઉપયોગથી ચમત્કારીક પરિણામો મેળવી શકાશે એમ જણાવ્યું હતું.

ગુજરાતના આરોગ્ય મંત્રી શ્રી નીતિનભાઇ પટેલે સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, વિશ્વ સમસ્ત આજે સ્વાસ્થ્ય સુરક્ષા અને જાળવણી માટે જાગૃત બન્યું છે ત્યારે વાયબ્રન્ટ સમિટના માધ્યમથી અહી થનારું વિચાર-મંથન વર્તમાન અને ભાવિ માટે ઉપકારક બની રહેશે.

નેશનલ રૂરલ હેલ્થ મિશન અને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચમાં અપનાવવામાં આવેલી નવીન પહેલો અંગે માહિતી આપતા એમણે જણાવ્યું કે ટી.બી., મેલેરિયા અને એચ.આઈ.વી. જેવા રોગોની દવાઓમાં નવા સંશોધનોની જરૂર છે. ૮૦ ટકા મેડિકલ સાધનોની આયાત કરવી પડતી હોવાનું જણાવી એમણે "મેઈક ઈન ઈન્ડિયા અને મેઈક ફોર ઈન્ડિયા" માટે હાકલ કરી હતી. ડ્રગ અને ડિવાઈસ ટેસ્ટીંગ સુવિધાઓને સુધારવાની જરૂરિયાત પર પણ એમણે ભાર મૂક્યો હતો. ચર્ચાસત્રમાં વિવિધ નિષ્ણાતોએ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

ઈનોવેશન માટે ૬૦ સમજૂતિ કરાર

ગાંધીનગર, તા.૧૨

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વસ્ટર્સ સમિટ-૨૦૧૫ના ભાગરૂપે મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રીમતી

આનંદીબહેન પટેલ અને કેન્દ્રિય સાયન્સ અને ટેકનોલોજી રાજય મંત્રીશ્રી વાય. એસ. ચૌધરીની ઉપસ્થિતિમાં નાવિન્ય પૂર્ણ શોધો એકવીસમી સદીની જરૂરિયાત-વિષયક સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં ૬૦ જેટલા સામૂહિક કરાર કરવામાં આવ્યા હતા. જેમાં ૪૧ મેન્યુફેક્ચરીગ, ૯ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ, ૭ બાયોસર્વિસ તથા ૩ આંતરરાષ્ટ્રીય માળખાકીય ક્ષેત્રનો સમાવેશ થાય છે. આ સમજૂતી કરાર થકી ૭૨૧૬ જેટલી રોજગારીની તકો ઉપલબ્ધ થશે.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના હસ્તે ગુજરાત સ્ટેટ ઈનોવેશન પોર્ટનું લોન્ચિંગ તથા ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીના સેન્ટર ઓન આઈ.પી.આર. દ્વારા નિર્મિત એ. વી. ફિલ્મનું પણ લોન્ચિંગ કર્યું હતું.

કેન્દ્ર સરકારના સાયન્સ અને ટેકનોલોજી વિભાગના રાજય મંત્રીશ્રી વાય. એ. ચૌધરીએ ૨૧મી સદીના આધુનિક અને જ્ઞાનના યુગમાં માનવજાતના કલ્યાણ માટે નવીન આવિષ્કારો અત્યંત જરૂરી છે.

ગ્લોબલ ટ્રેડ શૉ પ્રદર્શન નિહાળવાની આજે છેલ્લી તક

ગાંધીનગર, તા.૧૨

વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગત ગાંધીનગરના એક્ઝીબીશન ગ્રાઉન્ડ, હેલીપેડ, સેક્ટર-૧૭ ખાતે યોજાયેલા ગ્લોબલ ટ્રેડ શો (મેગા એક્ઝીબિશન)ને અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો છે, આવતીકાલ તા. ૧૩મી, જાન્યુઆરીના રોજ તેનો અંતિમ દિવસ હોઇ, જેનો નાગરિકોને તેનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

આવતીકાલ તા. ૧૩મી જાન્યુઆરીને મંગળવારના રોજ જાહેર જનતા માટે આ પ્રદર્શન સવારના ૧૦-૦૦થી સાંજના ૬-૦૦ કલાક સુધી ખુલ્લું રહેશે.

Invest in
BOLLYWOOD
or
MARATHI FILMS
Safe & Cash Returns
Experienced
Team of 20 yrs.
Call : 09821244400
Email :
yogi9821244400@gmail.com

Roman Valley
રોમન વેલી
ઉત્તરાયણ
2 BHK ફ્લેટ
ફુલ્લી રેડી પઝેશન
NA NOC - TITLE CLEAR
Bank Loan Available
સ્વામિનારાયણ પેટ્રોલ પંપની સામે, મંડોલ, ગાંધીનગર - મહુડી હાઈવે.
સાઈટ ઉપર રૂબરૂ પધારો
M : 9825576583